| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૩/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૨૧/૦૩/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૦૬ |

**રાજકોટના મહે. સ્પે. જજ (પોકસો કોર્ટ) તથા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.**

**<u>સ્પે. કેસ ( પોક્સો કોર્ટ ) નંબરઃ ૨૬/૨૦૨૫.</u>**
**આંકઃ ૩૭**

**<u>ફરિયાદી.</u>**
**સરકારશ્રી,**

**-// વિરૂદ્ધ //-**

**<u>આરોપી.</u>**
**વિધમકુમાર વિનયસિંહ કુશવાહા,**
ઉ.વ.આ.૨૧, વ્યવસાયઃ મજુરીકામ,
રહે. નંદલાલ પટ્ટી, રાયપોખર ગામ,
પોસ્ટ સુલતાનપુર, થાના અમરપુર,
જી.બાંકા, બીહાર.

**બાબતઃ** **<u>બીએનએસની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ, ૬૫(૧), ૬૯ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪,૬.</u>**

**<u>વકિલશ્રીઓ::</u>**
ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એપીપીશ્રી પી.કે.પટેલ.
<u>બચાવપક્ષે આરોપી તરફે વિદ્ધાન વકિલ શ્રી જે.એમ.સભાડ.</u>

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૨/૦૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૫/૦૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૯/૦૩/૨૦૨૫ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| ચુકાદો આપ્યા તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિધમકુમાર વિનયસિંહ કુશવાહા | ૦૫/૦૩/૨૦૨૫ | ૨૮/૦૭/૨૦૨૫ | બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭,૬૪(૨)(એમ), ૬૫(૧), ૬૯ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪,૬. | નિર્દોષ | – | ૪ માસ અને ૨૩ દિવસ |

## –// ચુ કા દો //–

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ બપોરના પોણા ત્રણેક

વાગ્યાના અરસામાં ફરીયાદીની ભોગબનનાર સગીરવયની દિકરી ઉંમર વર્ષ ૧૫ અને ૦૮ મહીના વાળીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનાર તેના માતા-પિતા સાથે બુધવારી બજારમાં આવેલ ત્યારે ભોગબનનારનો હાથ પકડી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી બીહારના બાંકા જીલ્લાના અમરપુર થાનાના નંદલાલ પટ્ટી રાયપોખર ગામમાં લઈ જઈ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર-નવાર દુષ્કર્મ આચરી ગુનો કરેલ હોવાની ફરીયાદ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ નોંધાવેલ હતી.

૨. ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ શરૂ કરેલી, તે દરમ્યાન ભોગબનનાર મળી આવતા તેણીએ બનાવ સમયે પહેરેલા કપડા કબજે કરેલ તથા ભોગબનનારનુ મેડીકલ ચેકઅપ કરાવી, જરૂરી નમુનાઓ લેવામાં આવેલા, સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન આરોપીની અટક કરવામા આવેલ તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવી જરૂરી તમામ નમુનાઓ કબજે કરવામાં આવેલ. તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ મુદામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ તેમજ સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ, ૬૫(૧), ૬૯ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪,૬ મુજબના ગુન્હાનુ ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. જે ઉપરોકત પોકસો કેસ નંબરથી નોંધાયેલ હતુ.

3. આરોપીને તેની વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવામાં આવેલી છે. આરોપીએ તેના સ્વખર્ચે બચાવમાં વકીલ રોકેલા છે. આરોપી વિરૂધ્ધ અત્રેની ખાસ

અદાલત ધ્વારા તારીખ : ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ આંક–૧૩ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)એમ, ૬૫(૧),૬૯ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ તહોમતનામું ફરમાવી, તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા આરોપીનો આંક–૧૪ થી જવાબ નોંધવામાં આવેલ. જેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ અને કેસ આગળ ચલાવવાનુ જણાવતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ તેમજ આ અદાલતમાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષ તર્ફે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પોતાના કેસના સમર્થનમા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(એ) **મૌખિક પુરાવો.**

| ક્રમ | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચસાહેદ મિલન જશવંતસિંહ ગોહેલ | ૧૫ |
| ૦૨ | ફરિયાદી – ભોગબનનારના માતા | ૧૯ |
| ૦૩ | આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર હરેશ દેવજીભાઈ ઢેઢી. | ૨૧ |
| ૦૪ | ભોગબનનાર. | ૨૮/એ |
| ૦૫ | તપાસ કનાર અધિકારી મયુરધ્વજસિંહ મહેન્દ્રસિંહ સરવૈયા. | ૨૯ |

(બી) **દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન અને વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | આરોપીની અટક કર્યાનુ પંચનામું તથા આરોપી અને ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામું. | ૧૬ |
| ૦૨ | ફરીયાદ. | ૨૦ |

| | | |
|---|---|---|
| ૦૩ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા માટેની યાદી. | ૨૨ |
| ૦૪ | ભોગબનનારની ઉંમરની ખરાઇ કરવા માટેની પોલીસ યાદી. | ૨૩ |
| ૦૫ | ભોગબનનારની મેડીકલ તપાસણીનુ સર્ટીફીકેટ. | ૨૪ |
| ૦૬ | ભોગબનનારની મેડીકલ તપાસણી અંગે લીધેલા સેમ્પલોની યાદી. | ૨૫ |
| ૦૭ | આરોપીની મેડીકલ તપાસણી કરવા માટેની યાદી. | ૨૬ |
| ૦૮ | આરોપીની મેડીકલ તપાસણીનુ સર્ટિફિકેટ. | ૨૭ |
| ૦૯ | આરોપીની મેડીકલ તપાસણી અંગે લીધેલા સેમ્પલોની યાદી. | ૨૮ |
| ૧૦ | ભોગબનનારનુ બીએનએસએસની કલમ ૧૮૩ નુ નિવેદન. | ૨૮/બી |
| ૧૧ | ગુન્હો રજી. કરવા અંગેનો પત્ર. | ૩૦ |
| ૧૨ | ભોગબનનારનુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ. | ૩૧ |
| ૧૩ | મુદામાલ રવાનગી પત્રક અને સત્તા અંગેનુ પ્રમાણપત્ર. | ૩૨ |
| ૧૪ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ. | ૩૩ |
| ૧૫ | મુદામાલ પરીક્ષણ અહેવાલ. | ૩૪ |
| ૧૬ | કમલ ઉમેરાનો રીપોર્ટ. | ૩૫ |

**૫.** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૩૬ થી કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ સામે ખોટી ફરીયાદના આધારે ખોટા પુરાવાઓ ઉભા કરીને ખોટા પંચનામાંઓ તથા નિવેદનો લઇને ખોટી કાર્યવાહીના આધારે ખોટો કેસ ઉભો કરેલ હોય, જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે હુકમ કરવા અરજ કરેલ છે.

૬. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી રજૂઆત કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે જોતાં આ કામના આરોપીએ ફરીયાદીની ભોગબનનાર સગીરવયની દિકરી ઉંમર વર્ષ ૧૫ અને ૦૮ મહીના વાળીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બીહાર મુકામે પોતાના ગામ લઈ જઈ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર–નવાર શરીર–સંબંધ બાંધી દુષ્કર્મ આચરી આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. આ કામે ડોકટર સાહેદોના પુરાવાથી તેમજ તપાસ કરનાર અમલદાર તથા અન્ય પોલીસ સાહેદોના પુરાવાથી અને સાયન્ટીફિક અહેવાલની હકીકતોથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળતું હોઈ, આરોપી વિરૂધ્ધ ગુનો સાબીત થતો હોઈ આરોપીને સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

૭. જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા પોતાની દલીલોમાં જણાવે છે કે, હાલના કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ કરેલા આક્ષેપો તેમજ તહોમતનામાં મુજબનો કોઈ ગુનો ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી. મહત્વના સાહેદ ભોગબનનારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. આરોપીની ખોટી રીતે સંડોવણી કરેલ છે. ફરિયાદીએ પણ સમર્થન કરેલ નથી. ભોગબનનાર સાથે આરોપીએ બળાત્કાર કરેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી. આ તમામ સંજોગો, કારણો ધ્યાને લઈ ફરિયાદપક્ષે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૮. આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ

છે. ઉપરોકત કારણો અને હકીકતો તથા બંને પક્ષકારોની રજુઆતો તેમજ સમગ્ર પુરાવાઓ ધ્યાનમાં લેતા હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**–// મુ દ્દા ઓ //–**

**૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવના દિવસે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષથી નીચેની વયની હતી ?**

**૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીની ભોગબનનાર સગીરવયની દિકરી ઉંમર વર્ષ ૧૫ અને ૦૮ મહીના વાળીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી ભોગબનનાર તેના માતા–પિતા સાથે રાજકોટ બુધવારી બજારમાં આવેલ ત્યારે ભોગબનનારનો હાથ પકડી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી બીહારના બાંકા જીલ્લાના અમરપુર થાનાના નંદલાલ પટ્ટી રાયપોખર ગામમાં લઈ જઈ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર–નવાર દુષ્કર્મ આચરી ગુનો કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)એમ,૬૫(૧),૬૯ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪,૬ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?**

**૩. શું હુકમ ?**

૯. ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**૧) હકારાત્મક,**

**૨) નકારાત્મક,**

**૩) આખરી હુકમ મુજબ.**

–// <u>**કા ર ણો**</u> //–

<u>**પુરાવાનું મુલ્યાંકન**</u>:–

**૧૦.** આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગબનનારની ઉંમરના પુરાવા સંબંધે આંક–૩૧ થી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબ ભોગબનનારની જન્મ–તારીખ: ૦૨/૦૭/૨૦૦૯ દર્શાવેલ છે. જયારે બનાવ તારીખ : ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ

બનેલ છે એટલે કે, બનાવ તારીખ : ૧૨/૦૨/૨૦૨૫ ને ઘ્યાને લેતા બનાવના દિવસે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ અને ૦૭ માસ અને ૧૧ દિવસ હોવાનુ ઘ્યાને લેતા ૧૮ વર્ષ કરતા પણ ભોગબનનારની ઉંમર નાની હોવાનુ જણાય આવે છે. આંક–૩૧ થી રજુ થયેલ ભોગબનનારનુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ સ્કુલના પ્રિન્સીપાલ દ્વવારા આપવામાં આવેલ છે. જેમા ભોગબનનારની જન્મ–તારીખ:૦૨/૦૭/૨૦૦૯ દર્શાવેલ છે. જે ફરીયાદપક્ષ ઘ્વારા રજુ થયેલ છે. વધુમાં Juvenile Justice (Care and Protection Children) Rules, 2007 (in short, 'the Rules'), under Rule 12, ના નિયમો ઘ્યાને લેતા આ કામે આંક–૩૧ થી રજુ સ્કુલ લીવીં સર્ટીફીકેટ નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. આ બનાવની ફરીયાદ તારીખ : ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ આપેલ છે. તેમજ તારીખ : ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ ભોગબનનાર સાથે આરોપીએ દુષ્કર્મ આચરેલ હતુ. તે સંજોગોમાં બનાવના દિવસે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ અને ૦૭ માસ અને ૧૧ દિવસની સગીરવયની હતી. તેથી આ કામે ફરીયાદપક્ષે બનાવ તારીખે ભોગબનનાર સગીરવયની એટલે કે ૧૮ વર્ષથી નીચેની વર્ષની ઉંમર હોવાનુ પુરવાર કરેલ છે. જેથી મુદા નંબર : ૧ નો જવાબ ''**હકારમાં**'' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબરઃ ૨.</u>**

**૧૧.** આ કામે સાહેદ નંબર : ૧ પંચ મિલન જશવંતસિંહ ગોહેલને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે, કે જેઓ આરોપીની અટક કર્યાનુ પંચનામું તથા આરોપી અને ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, હુ સને–૨૦૦૯ થી જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમા ફર બજાવુ છુ. હુ તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજ ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે પંચનામામાં પંચ તરીકે રહેવા માટે ગયેલ હતો. ભકિતનગર

પોલીસ સ્ટેશને આરોપી, ભોગબનનાર અને તેનો પરીવાર અને પોલીસવાળા હાજર હતા. આરોપીનુ નામ રીધમકુમાર હતુ. ત્યાં ભોગબનનારના કપડા અને આરોપીના કપડા પ્લાસ્ટીકની થેલીમાંથી ખોલીને બતાવવાં આવેલા હતા જેમા ભોગબનનારના કપડામાં પીસ્તા કલરની કુર્તી, પીસ્તા કલરની સલવાર અને ચુંદડી તથા મરૂમ કલરની બ્રા અને કાળા કલરનો નિકર હતો. મને મુદામાલ આર્ટીકલ માર્ક–"એ" વાળા કપડા સીલબંધ હાલતમા હોય જે કોર્ટ રૂબરૂ ખોલીને બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે, તે આજ કપડા હતા. આરોપીના જે કપડા કબજે કરવામા આવેલા તેમા કાળા કલરનુ મેલુ ટ્રેક, સફેદ કલરનુ અડધી બાહીનુ ટીશર્ટ આછી બ્લુ પટીવાળુ અને બ્લુ કલરનો નિકર હતો. મને મુદામાલ આર્ટીકલ–"બી " વાળા કપડા સીલબંધ હાલતમા હોય જે કોર્ટ રૂબરૂ ખોલીને બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે, તે આજ કપડા હતા. આ સમયે જે આરોપીની અટક કરવામા આવેલી તે વિધમકુમારને હુ ઓળખુ છુ. મને આંક–૧૬ વાળુ પંચનામું બતાવવામા આવે છે, જે જોઈને કહુ છુ કે, જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ.

**૧૧.૧.** ત્યારબાદ બચાવપક્ષે આરોપીના વિધ્વાન વકીલશ્રીએ સદર પંચસાહેદની ઉલટતપાસ કરેલ છે, તેમા તેઓએ એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારા ઉપરી અધિકારીએ મને પંચમાં રહેવા માટેની જાણ કરેલી છે. એ વાત ખરી છે કે, મારા ઉપરી અધિકારીએ પંચનામામાં કયા પોકસોના કેસમા હાજર થવાનુ છે તેવી મને જાણ કરી આપેલી. એ વાત ખરી નથી કે, આ યાદીમા બનાવની ટુંકી વિગત લખેલ નથી. પોલીસ સ્ટેશને હુ સાંજે સાડા છ–સાત વાગ્યે પહોંચેલ. એ વાત ખરી છે કે, પોલીસ અમને લેવા માટે આવેલ નથી, અમે અમારી જાતે પોલીસ સ્ટેશનમાં ગયેલા. પંચ નં.ર હુ ગયેલો તે પહેલાથી જ પોલીસ સ્ટેશનમાં હાજર હતા. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશને પંચ નં.ર અને પોલીસ

સીવાય બીજા કોઈ માણસ હાજર ન હતા. મારી હાજરીમાં કોઈ વસ્તુ સળગાવવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, હુ પંચનામાં વખતે રૂબરૂ હાજર થયેલ ન હોવા છતા મારા ઉપરી અધિકારીના કહેવા અને જણાવ્યા મુજબ કોર્ટમાં ખોટી જબુાની આપુ છુ.

**૧૧.૨.** ઉપરોકત પંચસાહેદનો પુરાવો જોતા તેઓ આરોપીની અટક કર્યાનુ પંચનામું તથા આરોપી અને ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓએ આરોપીને ઓળખેલ છે અને આરોપી તથા ભોગબનનારના કબજે કરેલા કપડા ઓળખી બતાવે છે. પરંતુ આ કામે ભોગબનનારે ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી અને ભોગબનનારનો પુરાવો જોતા આરોપીએ ભોગબનનારને ફરીયાદીના દિકરાઓને મારી નાખવાની ધમકી આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ ભોગબનનાર સાથે અવાર–નવાર શરીર–સંબંધ બાંધી ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થયાનુ માની શકાય નહી. કારણ કે, ભોગબનનારે બનાવને સમર્થન કરેલ નથી અને આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરેલ હોય તે અંગે ભોગબનનારે તેઓની જુબાનીમાં સમર્થન કરેલ નથી. આ સંજોગોમાં ભોગબનનારની જુબાનીથી સમર્થન મળતુ ન હોય સદર પંચસાહેદની જુબાનીના આધારે સમર્થનકારી પુરાવાના અભાવે આરોપીને આક્ષેપીત ગુન્હા સાથે સાંકળી શકાય નહી.

**૧૨.** આ કામે ફરીયાદી–ભોગબનનારના માતા સાહેદ નંબર : ૨ ને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''મારે સંતાનમાં બે દિકરી છે. મારી ભોગબનનાર દિકરીને આરોપી વિધમકુમાર લલચાવી, ફોસલાવીને અપહરણ કરીને લઇ ગયેલ હોય અને તેની સાથે શારીરીક–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી. મારી દિકરીએ મને બનાવ અંગે કોઇ વાત

કરેલ ન હતી. પોલીસમા મે ફરીયાદ કરેલી તેમા મે શુ લખાવેલ હતુ તેની મને ખબર નથી. મારી દિકરી સાથે કોઇ દુષ્કર્મનો બનાવ બનેલ નથી. મારી દિકરીને ડોકટર પાસે લઇ ગયેલા હોય તેવુ બનેલ નથી. મારી ભોગબનનાર દિકરીના કપડા મે પોલીસને આપેલા હોય તેવુ બનેલ નથી. આરોપીને સાહેદ ઓળખતા નથી. '' આમ ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

**૧૨.૧.** ત્યારબાદ બચાવપક્ષે આરોપીના વિધ્વાન વકીલશ્રીએ ફરીયાદીની ઉલટતપાસ કરેલ છે તેમા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે, મારી દિકરીને મે ઘરકામ બાબતે ઠપકો આપતા તે મારી બહેનના ઘરે જતી રહેલી. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારુ નામ–સરનામુ પુછેલુ અને મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીએ મને બનાવ અંગેની કોઇ હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીને કોઇ વ્યકિત ભગાડીને લઇ ગયેલ નથી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી સાથે કોઇ દુષ્કર્મ થયેલ નથી. એ વાત ખરી છે કે, મારી દિકરીના જન્મ–તારીખ બાબતે કોઇ દસ્તાવેજી આધાર પુરાવો પોલીસને આપેલ નથી. ''

**૧૨.૨.** ઉપરોકત ફરીયાદીનો પુરાવો જોતા, ફરીયાદીએ બનાવ હકીકતને સમર્થન કરેલ નથી અને પોતાના પુરાવામાં મારી ભોગબનનાર દિકરીને આરોપી લલચાવી, ફોસલાવીને અપહરણ કરીને લઇ ગયેલ હોય અને તેની સાથે શરીર–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી અને મારી દિકરીએ મને બનાવ અંગે કોઇ વાત કરેલ નથી અને મારી દિકરી સાથે કોઇ દુષ્કર્મનો બનાવ બનેલ નથી તેમ જણાવેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ સ્વીકારેલ છે કે, મારી દિકરીને મે ઘરકામ બાબતે ઠપકો આપતા તે મારી બહેનના ઘરે

જતી રહેલી અને મારી ભોગબનનાર દિકરીને કોઇ વ્યકિત ભગાડીને લઇ ગયેલ નથી અને મારી ભોગબનનાર દિકરી સાથે કોઇ દુષ્કર્મ થયેલ નથી. આમ, ફરીયાદીના પુરાવાથી આરોપીએ ફરીયાદીની સગીરવયની દિકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બીહાર મુકામે પોતાના ગામ લઇ જઇ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર–નવાર શરીર–સંબંધ બાંધેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. આમ, ફરીયાદીના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન મળતુ ન હોય વિશ્વાસપાત્ર, માનવાલાયક પુરાવો આવેલ નથી. જેથી ફરીયાદીના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૩.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૪ ભોગબનનારને આંક–૨૮/એ થી તપાસવામાં આવેલ છે અને તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, ''મને કોઇ વ્યકિત લલચાવી, ફોસલાવીને ભગાડી ગયેલ હોય તેવુ બનેલ નથી. હુ ઘરેથી કયાંય ભાગીને ગયેલ નથી. મારી મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર–સંબંધ બાંધેલો હોય તેવુ બનેલ નથી. મે પોલીસને મારા કોઇ કપડા આપેલા નથી. મને પોલીસ હોસ્પીટલમા કોઇ ડોકટર પાસે તપાસ કરવા લઇ ગયેલ નથી. મને મહીલા જજ સાહેબ પાસે લઇ ગયેલા અને ત્યાં મારૂ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લીધેલુ, જે નિવેદનમાં શુ લખાવેલુ તે મને હાલ યાદ નથી. વધુમાં સાહેદ મુદામાલવાળા કપડા ઓળખી શકે નહી તેમ જણાવે છે અને આરોપીને સાહેદ ઓળખતા નથી તેમ જણાવે છે.'' આમ, ભોગબનનાર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિમુખ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ફરીયાદ હકીકત ફરીયાદ હકીકત કે બનાવને મદદરૂપ થાય

તેવી કોઇ હકીકત ભોગબનનારની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૩.૧.** આ ભોગબનનારની બચાવપક્ષ તરફે આરોપીના વિદ્વાન વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમા એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે, હુ આરોપી વિધમકુમાર પાસે કયાંય ગયેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી વિધમકુમાર મને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઇ ગયેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે શરીર–સંબંધ બાંધેલ નથી. બનાવના દિવસે મારા માતા સાથે મારે ઝઘડો થતા હુ મારા માસીને ત્યાં જતી રહેલી. એ વાત ખરી છે કે, મે ડોકટર સાહેબને બનાવ વિશેની કોઇ હકીકત લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મહીલા જજ સાહેબ પાસે મે નિવેદનમાં શુ લખાવેલ તે પણ હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, બનાવ વિશે મે કોઇ હકીકત પોલીસને લખાવેલ નથી.''

**૧૩.૨.** આમ, ઉપરોકત ભોગબનનારની સમગ્ર જુબાની વંચાણે લેતા, મને કોઇ વ્યકિત લલચાવી, ફોસલાવીને ભગાડીને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી અને મારી મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી. મને મેડીકલ તપાસણી માટે ડોકટર પાસે લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી અને મને મેજીસ્ટ્રેટ રૂબરૂ લઇ ગયેલા ત્યાં મે શુ લખાવેલ હતુ તે મને યાદ નથી અને ભોગબનનાર સાહેદ આરોપીને ઓળખતા પણ નથી. આમ, ભોગબનનારે ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી તેમજ બચાવપક્ષ તરફે ભોગબનનારની ઉલટતપાસ કરતા તેમા પણ આરોપી મને લલચાવી, ફોસલાવી અને લગ્નની લાલચ આપી ભગાડીને લઇ ગયેલ હોય અને મારી સાથે શરીર–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી અને બનાવના દિવસે મારા માતા સાથે ઝઘડો થતા હુ મારા માસીને ત્યાં જતી રહેલી હતી. આમ, ભોગબનનારના પુરાવાથી આરોપીએ ફરીયાદીની ભોગબનનાર

દિકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બીહાર મુકામે પોતાના ગામ લઈ જઈ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર–નવાર શરીર–સંબંધ બાંધેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. આમ, ભોગબનનારના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન મળતુ ન હોય જેથી ભોગબનનારનો પુરાવો વિશ્વાસપાત્ર, માનવાલાયક નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૧૪. ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૩ આરોપી/ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર હરેશ દેવજીભાઈ ઢેઢીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની સમગ્ર સરતપાસ વંચાણે લેતા જણાવેલ છે કે, ''હુ મેડીકલ ઓફીસર તરીકે પદ્મકુવરબા હોસ્પીટલ, રાજકોટ મુકામે ફરજ બજાવુ છું તે દરમ્યાન ભક્તિનગર પોલીસ સ્ટેશન રાજકોટના પી.આઈ.ની લેખીત યાદી સાથે ભોગબનનારને મેડીકલ તપાસણી કરવા માટે લાવેલા, જે યાદી આંક– ૨૨ થી રજુ છે. જે યાદીના આધારે ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા સારૂ તેણીની તથા તેણીની સાથે આવેલ તેણીની માતાની સહમતી બદલ સહી લીધેલી હતી. વધુમાં ડોકટર સાહેદે તેમના પુરાવા દરમ્યાન રજુ થયેલ આંક–૨૪ ના મેડીકલ ચકાસણીના સર્ટીફીકેટની વિગતે પુરાવો આપી મુખ્યતવે જણાવેલ છે કે, ભોગબનનારની મેડીકલ તપાસણી કરતા વજન ૪૧ કિગ્રા અને ઉંચાઈ ૧૫૪ સેમી હતી. ભોગબનનારના શરીર પર અન્ય કોઈ ઈજાના નિશાન જોવામા આવેલા ન હતા. પ્યુબીક હેર હાજર હતા અને તેના ગુપ્ત ભાગ પર ઈજાના નિશાન ન હતા. તેણીના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર ઉંમર પ્રમાણે વિકસીત હતા. શરીરતનુ તાપમાન સામાન્ય હતુ. તેણીનુ હાઈમેન જુનુ તુટેલુ હતુ. ભોગબનનારે સ્નાન કરેલુ હતુ અને કપડા બદલાવેલા હતા. ભોગબનનારના જણાવ્યા મુજબની

હિસ્ટ્રી લખી લીધેલી તેમજ ભોગબનનારના શરીર પરથી જરૂરી સેમ્પલો લીધેલા હતા જેમા બ્લડ, નેઇલ, સલાઇવા, પ્યુબીક હેર, વજાઇનલ, યુપીટી કીટ, સર્વાઇકલ અને પેરાયુરેથ્રલ સ્વોબ અને સ્લાઇડનો સમાવેશ થાય છે. મારી ઉપરોકત તપાસણીના અધારે કહી શકુ કે, ભોગબનનાર સાથે શરીર–સંબંધની શકયતા નકારી શકાય નહી.  વધુમા જણાવેલ છે કે, ભોગબનારની ઉંમરની ખરાઇ કરવા માટે યાદી સાથે મોકલેલ હતા જે પોલીસ યાદી આંક–૨૩ થી રજુ છે. જે એઇઝ ડીટરમીનેશન સર્ટીફીકેટ જે તે મેડીકલ ઓફીસર દ્રવારા આપવામાં આવેલ. વધુમાં ડોકટર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, હુ મેડીકલ ઓફીસર તરીકે પદ્મકુંવરબા હોસ્પિટલ, રાજકોટ  મુકામે ફરજ બજાવુ છુ. તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજ અમો અમારી ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ભક્તિનગર પોલીસ સ્ટેશન, રાજકોટના પી.આઇ.ની લેખીત યાદી સાથે આરોપીને મેડીકલ તપાસણી કરવા માટે લાવેલા, જે યાદી આંક–૨૬ થી રજુ છે. વધુમાં ડોકટર સાહેદે તેમના પુરાવા દરમ્યાન રજુ થયેલ આંક–૨૭ ના મેડીકલ ચકાસણીના સર્ટીફીકેટની વિગતે પુરાવો આપી મુખ્યતવે જણાવેલ છે કે, આરોપીની મેડીકલ તપાસણી કરતા વજન ૭૨ કિગ્રા અને ઉંચાઇ ૧૬૦ સેમી હતી. આરોપીના શરીર પર અન્ય કોઇ ઈજાના નિશાન જોવામા આવેલા ન હતા. પ્યુબીક હેર હાજર હતા પણ ચોંટેલા હતા અને તેના ગુપ્ત ભાગ પર ઈજાના નિશાન ન હતા. ટેસ્ટીકલ ડેવલોપ હતા અને તેના પર છારી ન હતી અને અન્ય કોઇ ડાઘ કે ચીન્હો જોવામાં આવેલ ન હતા. તેણે સુન્નત કરાવેલ ન હતુ. આરોપીના ગુપ્તભાગના અવયવો ડેવલોપ હતા. આરોપીએ છેલ્લુ સ્નાન તારીખ:૦૧/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ હતુ અને કપડા બદલાવેલા હતા. આરોપીના જણાવ્યા મુજબની હિસ્ટ્રી લખી લીધેલી તેમજ જરૂરી સેમ્પલો લીધેલા હતા. જેમા બ્લડ, સલાઇવા, નેઇલ, સીમેન અને પ્યુબીક હેરનો સમાવેશ થાય છે. તેમજ મારી

તપાસણીના આધારે હુ કહી શકુ કે સદર ઈસમ શારીરીક સંભોગ કરવા માટે અસક્ષમ ન હતા.''

**૧૪.૧.** સદરહુ ડોકટર સાહેદે બચાવપક્ષે આરોપીના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, પોલીસ દ્રવારા મને લેખીત યાદી મળેલ હતી. એ વાત ખરી છે કે, આ યાદીમાં પોકસો કાયદાનો ઉલ્લેખ કરેલ હતો તેમજ બનાવનુ ટુંકુ વર્ણન કરેલ હતુ. એ વાત ખરી છે કે, ભોગબનનારના આંતરીક અને બાહ્ય ભાગોમાં કયાંય ઈજાના નિશાન ન હતા. એ વાત ખરી છે કે, ભોગબનનારનો શારીરીક બાંધો તેની ઉંમર પ્રમાણે વિકસીત હતો. એ વાત ખરી છે કે, યોની પટલ તુટવાના ઘણા કારણો હોય શકે, જેવા કે હોર્સ રાઈડીંગ, સાઇકલીંગ. એ વાત ખરી છે કે, મારા દ્રવારા ભોગબનનારની ઉંમરની ખરાઈ કરવા માટે રેડીયોલોજીસ્ટ ટેસ્ટ કે ઓશીફીકેશન ટેસ્ટની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી. એ વાત ખરી નથી કે, ભોગબનનારની હિસ્ટ્રી મે તેણીના જણાવ્યા મુજબ નહી પરંતુ પોલીસ યાદીને અનુરૂપ લખી લીધેલ હતી. એ વાત ખરી નથી કે, ભોગબનનારની કોઈ મેડીકલ ચકાસણી કરેલ ન હોવા છતા પોલીસ યાદીને અનુરૂપ મેડીકલ સર્ટીફીકેટ ઓફીસમાં બેસીને તૈયાર કરી લીધેલુ. વધુમાં ઉલટતપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપીના શારીરીક કે બાહ્ય ભાગ પર કયાંય પણ ઈજાના નિશાન ન હતા. એ વાત ખરી છે કે, આરોપીની મેડીકલ તપાસણી કરવા માટે પણ મને પોલીસ દ્રવારા લેખીત યાદી મળેલ હતી. એ વાત ખરી નથી કે, મે આરોપીની કોઈપણ જાતની તપાસણી કરેલ ન હોવા છતા પોલીસ યાદી મુજબ મેડીકલ સર્ટીફીકેટ ઓફીસમા બેસી તૈયાર કરેલુ છે.''

**૧૪.૨.** આમ, ઉપરોકત ડોકટર સાહેદની જુબાની વંચાણે લેતા, ભોગબનનાર અને આરોપીના શરીર કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન નથી તેમ જણાવેલ છે. વધુમાં ભોગબનનારની જુબાની વંચાણે લેતા પણ તેઓએ તેમના પુરાવામાં આરોપીએ ફરીયાદીની

ભોગબનનાર દિકરીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બીહાર મુકામે પોતાના ગામ લઈ જઈ ભોગબનનાર સાથે બળજબરીથી અવાર–નવાર શરીર–સંબંધ બાંધી ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે પુરવાર થયાનુ માની શકાય નહી. કારણ કે, ભોગબનનારે બનાવને સમર્થન કરેલ નથી અને આરોપીએ ભોગબનનાર સાથે દુષ્કર્મ કરેલ હોય તે અંગે ભોગબનનારે તેઓની જુબાનીમાં સમર્થન કરેલ નથી. આ સંજોગોમાં ભોગબનનારની જુબાનીથી સમર્થન મળતુ ન હોય એકમાત્ર ડોકટરશ્રીની જુબાનીના આધારે સમર્થનકારી પુરાવાના અભાવે આરોપીને આક્ષેપીત ગુન્હા સાથે સાંકળી શકાય નહી. તે સંજોગોમાં ડોકટર સાહેદના આંક–૨૪ ના ભોગબનનારના મેડીકલ તપાસણીના સર્ટીફીકેટ તથા આંક–૨૭ ના આરોપીના મેડીકલ તપાસણીના સર્ટીફીકેટના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષના સાહેદ નં.૫ તપાસ કરનાર અધિકારી મયુરધ્વજસિંહ મહેન્દ્રસિંહ સરવૈયાને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન પોતાની ફરજના ભાગરૂપે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ મહત્વના સાહેદ ભોગબનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય તપાસ કરનાર અધિકારીની જુબાનીથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૬.** આ કામે મહતવના સાહેદ ભોગબનનારનો સમગ્ર પુરાવો વંચાણે લેતા, આરોપીએ ભોગબનનાર સગીરવયના હોવાનુ જાણવા છતા ભોગબનનારને લલચાવી, ફોસલાવીને લગ્નની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી બીહાર મુકામે પોતાના ગામે ભગાડી લઈ જઈ ભોગબનનાર સાથે

બળજબરીથી અવાર–નવાર શરીર–સંબંધ બાંધેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો માનવાલાયક અને વિશ્વાસપાત્ર જણાતો નથી અને ભોગબનનારે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, મને કોઈ વ્યકિત લલચાવી, ફોસલાવીને ભગાડીને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી અને મારી મરજી વિરૂધ્ધ આરોપીએ શરીર–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી. મને મેડીકલ તપાસણી માટે ડોકટર પાસે લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી અને મને મેજીસ્ટ્રેટ રૂબરૂ લઈ ગયેલા ત્યાં મે શુ લખાવેલ હતુ તે મને યાદ નથી અને ભોગબનનાર સાહેદ આરોપીને ઓળખતા પણ નથી. આમ, ભોગબનનારે ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી તેમજ બચાવપક્ષ તરફે ભોગબનનારની ઉલટતપાસ કરતા તેમા પણ આરોપી મને લલચાવી, ફોસલાવી અને લગ્નની લાલચ આપી ભગાડીને લઈ ગયેલ હોય અને મારી સાથે શરીર–સંબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી અને બનાવના દિવસે મારા માતા સાથે ઝઘડો થતા હુ મારા માસીને ત્યાં જતી રહેલી હતી. આમ, ફરીયાદની હકીકત તથા બનાવની હકીકત અંગેનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે મહત્વના સાહેદ ફરીયાદી અને ભોગબનનારના પુરાવાની હકીકતોથી ફરીયાદપક્ષના કેસની હકીકતોને જરૂરી સમર્થન પ્રાપ્ત થતુ નથી અને કેસના ફાઉન્ડેશન ઓફ ફેકટ પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે. તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલ તબીબી સાહેદોનો પુરાવો તેમજ અન્ય સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની હકીકતોથી પણ આ કામના આરોપીએ તહોમતનામાં મુજબનો ગુનો કરેલ હોવાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ભોગબનનાર સગીર વયના હોવાનુ જાણવા છતા ભોગબનનારને લલચાવી, ફોસલાવીને લગ્નની લાલચ આપી

ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભોગબનનાર સાથે ભોગબનનારની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર–નવાર શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી હકીકત અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી અને તેથી ફરીયાદીની ફરીયાદ હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

**૧૭.** આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ક્રિમીનલ અપીલ નં.૧૫૪૨/૨૦૧૯ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત નીચે મુજબ છે.

*Para-5. Having regard to the submissions made by the learned advocates for the respective parties and to the documents on record, more particularly, the depositions of the witnesses and the findings recorded by the Special Court, it appears that the victim was aged about 17 years and 6 months on the date of alleged incident on 06.03.2018, however, in her evidence before the Special Court, she had stated that she had left the house as her mother had scolded her and she had gone to the house of the maternal uncle. She had further stated that after four days of the incident, her mother having telephoned her, her maternal uncle had again brought her back to her parents. In short, the victim herself had not supported the case of the prosecution that the respondent – accused had forcibly taken her from the lawful custody of her parents and committed rape on her, as alleged by the prosecution. The other witnesses i.e. the brother and Bhabhi of the victim also had turned hostile. Thus, the material witnesses having turned hostile, there was hardly any evidence connecting the respondent – accused with the alleged crime. It is needless to say that when two views are*

*possible, the appellate court should be slow in interfering with the judgement of acquittal. The Special Court having recorded the findings that the prosecution had failed to prove the charges levelled against the respondent – accused beyond reasonable doubt, this Court is not inclined to interfere with the said findings, more particularly, when Ms. Pandey, learned advocate for the appellant, has failed to point out any illegality or infirmity in the impugned judgement and order passed by the Special Court.*

૧૮. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હાલના કેસમા મટીરીયલ વિટનેસ એટલે કે ભોગબનનાર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં ફરીયાદી અને ભોગબનનાર જે મહત્વના સાહેદ છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટેનો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરી શકેલ નથી.

૧૯. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાજીવસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૫ એઆઈજે ઈએલએસસી પાના નં.૫૭૬૬૩ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *It is well entrenched principal of Criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence ot warrant legal conviction and that no person can be held guilty on pure be, otherwise stirring he conscience of any court, suspicion alone cannot take the place of legal proof.*

*The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.*

*The above enunciation resonated umpteen times to be reiterated in Raj Kumar Singh @ Raju @ Batya vs. State of Rajasthan (2013) 5 SCC 722 as succinctly summarized in paragraph 21 as hereunder:*

*"Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based*

*upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused., keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense." [ Emphasis laid by the court]*

*In supplementation, it was held in affirmation of the view taken in Kali Ram vs. State of H.P. (1973) 2 SCC 808 that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.*

*In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be". A distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. For this, the Court has to essentially undertake an exhaustive and analytical appraisal of the evidence on record and register findings as warranted by the same. The above proposition is so well-established that it does not call for multiple citations to further consolidate the same.*

૨૦. ઉપરોકત તમામ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે અને આરોપી સામે શંકા ઉપજે તેટલો પુરાવો હોય તો તેને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે મહત્વના સાહેદ ભોગબનનાર પોતે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત કારણો તેમજ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.ર નો જવાબ "**નકારમાં**" આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -// આ ખ રી હુ ક મ //-

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૫૮(૧) મુજબ આ કામના આરોપી **વિધુમકુમાર વિનયસિંહ કુશવાહા,** ઉ.વ.આ.૨૧, વ્યવસાયઃ મજુરીકામ, રહે. નંદલાલ પટ્ટી, રાયપોખર ગામ, પોસ્ટ- સુલતાનપુર, થાના અમરપુર, જી.બાંકા, બહીાર નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ, ૬૫(૧), ૬૯ તથા જાતીય ગુન્હાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪,૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ પાવતીમાં દર્શાવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

3. જો આરોપી વિરુદ્ધના ગુન્હાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આરોપીએ બી.એન.એસ.એસ. કલમ ૪૮૧ મુજબ રૂા.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દસ હજાર પુરા) ના

જામીન રજુ કરવા, જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

– કેસના સંજોગો ધ્યાને લેતા વળતર અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ, આજ તારીખઃ ૨૭[મી], માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તારીખઃ ૨૭/૦૩/૨૦૨૬.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે. જજ (પોક્સો કોર્ટ) અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.
**(UID:GJ01510)**

*//VVK//*